જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૪/૦૬/૨૦૨૩   રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૮૯૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૮ કેસ કરી, ૮૭ વ્યક્તિઓને ઝડપી, ૧૬૨ લીટર દેશી દારૂ, ૧૯૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૦ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૮૯૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ-   સમાચાર યાદી નં.૮૯૮/૨૦૨૩

**માધવપુરાઃ** સંદિપકુમાર બિપિનચંદ્ર ભાવસાર (ઉ.વ.૪૩) (રહે. રુપલ પાર્ક, એલ.આઇ.સી.ઓફિસ સામે અંકુર ક્રોસ રોડ નારણપુરા) એ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ફરિયાદ નોધાવી છે કે સંદિપકુમાર ભાવસાર દિલ્લી દરવાજા દિલ્લી દરવાજા બહાર બી.જી.ટાવરની પાસે અડવાણી માર્કેટ ખાતે ઓફિસ ધરાવી ધંધો કરતા હોઈ જેમાં કામ કરતા જીતેન્દ્રકુમાર નટવરભાઇ રાઠોડ (રહે. ખોડીયાર મંદિર પાછળ રાઠોડવાસ જુના ડીસા બનાસકાંઠા (હાલ રહે. શ્રીનાથ સોસાયટી વ્યાસવાડીની બાજુમાં ગલીમાં વાડજ અમદાવાદ) અને ગાયત્રી ઇમ્પ્રેશનના પ્રોપરાઇટર મયુર અશોકભાઇ માલી (રહે. શ્યામ કોમ્પલેક્ષ અક્ષર જ્ઞાન સ્કુલ સામે નેશનલ હાઇવે નંબર-૮ ખોડીયારનગર બાપુનગર) એ ભેગા મળી તા.૨૩/૦૨/૨૦૨૨ થી તા.૨૦/૦૨/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન માલનો ઓર્ડર આપી માલ બનાવી ત્યારબાદ પૈસા ન ચુકવવા પડે તે માટે ઓર્ડર ડીલીટ કરી કંપનીમાંથી આશરે કિમત રૂપિયા ૫૫,૨૦,૨૬૦/- માલ મેળવી લઈ નાણાં નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીડીં કરી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી પી.એમ.વાઘેલા ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** કલ્પેશકુમાર રાજેન્દ્રકુમાર શાહ (ઉ.વ.૫૨) (રહે. બાલાજી વીંડ પાર્ક વૈષ્ણુદેવી સર્કલ કે.ડી.હોસ્પીટલ સામે) એ તા.03/0૬/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.30/0૫/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા મોબાઇલ ધારક તથા બેંક ખાતા ધારકે કલ્પેશકુમાર શાહની વિટ્રાગ ફ્રોમ પ્રા.લી કંપની રજીસ્ટર સીમકાર્ડ વોડાફોન કંપનીના મોબાઈલ ફોન નંબર કોઈપણ રીતે બંધ કરી બેંક ઓફ બરોડા હિમંતનગર બ્રાંચના ખાતામાંથી ટુકડે-ટુકડે રૂપિયા ૭૯,૭૦,0૪૧3/-ઓન લાઈન મેળવી લઈ છેતરપીડી કરી હતી.  આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.આર.પરડવા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૯૯/૨૦૨૩</u>**

**સેટેલાઇટઃ** ડૉ.યોગેશ મધુસુદન દેસાઇ (ઉ.વ.૬૮) (રહે. કામેશ્વર વિહાર બંગલો શિવરંજની ચાર રસ્તા પાસે પિન્ટુ શો રૂમની ગલીમા સેટેલાઇટ) એ તા.03/0૬/૨૦૨૩ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે પોતાના ઘરે નોકર તરીકે કામ કરતા અને રાજીવનગર આંબાવાડી ખાતે રહેતા ભાવેશ ઉર્ફે ભગવતીલાલ વેલજીભાઇ મીણા (મુળ વતન. ગામ-નયાગામ તા-કરા કલાન જી-ઉદેપુર) તા..૨૬/0૪/૨૦૨૩ કલાક ૧૨/30 થી ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાંથી રોકડ રૂપિયા ૯0,000/- ચોરી કરી લઈગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એ.રાવળ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૦૦/૨૦૨૩</u>**

**એસ.જી.હાઇવે-૦૧ ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** નિમેશકુમાર દિનેશભાઈ પટેલ (ઉ.વ.33) (રહે.સરલ રેસીડેન્સી એરીસ્ટો બ્લીસની પાસે સત્યમેવ વિસ્ટા રોડ ગોતા) તા.03/0૬/૨૦૨૩ સવારના ૬/00 વાગ્યાના સુમારે એસ.જી.હાઇવે ગોતા બ્રીજ ચાર રસ્તા ખાતે ઈન્ટાસ બસની રાહ જોઈને ઉભા હતા ત્યારે  કાર નંબર જીજે ૦૧ કેએલ ૫૧૯૬ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ સારવાર દરમ્યાં તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર નિમેશ પટેલના પિતા દિનેશભાઈ પટેલે એસ.જી.હાઇવે-૧ ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ એસ.જી.હાઇવે-૧ ટ્રાફીક પોલીસ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૦૧/૨૦૨૩</u>**

**સોલા હાઈકોર્ટઃ** રાકેશભાઈ સ/ઓ ઈશ્વરભાઈ સોલંકી (ઉ.વ.30) (રહે. રોહીદાસનગર વિભાગ-3 અર્બુદાનગરની બાજુમાં મહાલક્ષ્મી ડેરી સામે ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.0૨/03/૨૦૨૩ રાતના ૮/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત્મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**એરપોર્ટ**ઃ સરદારનગર ગોપી ફ્લેટ પાછળ સિંધી કોલિની ખાતે રહેતા બપ્પાહુસેન સ/ઓ જાકિરહુસેન શેખ (ઉ.વ.૨૯) (મુળ વતન.ગામ-પટપુકુટ પો.સ્ટે.ડિગા, જીલ્લો-નડીયા, રાજ્ય-વેસ્ટબંગાળ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૬/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે બાથરૂમના અંદર છતના ભાગે હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદુભાઇ નાનજીભાઇ ચલાવે છે.

**અમરાઇવાડી**ઃ સરમનકુમાર પન્નાલાલ પ્રજાપતી (ઉ.વ.૨૫) (રહે.કૈલાશનગર અંબિકા હોટલના ખાંચામાં ભગવતીનગર રોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૬/૨૦૨૩ સવારના ૩/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે છતના લાકડાની વળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી